**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં ઔધોગિક ગૃહો દ્વારા બાંધવામાં આવનાર ચેકડેમોના આલેખન-નકશા તૈયાર કરવા બાબત**

ગુજરાત સરકાર,
ન.જ.સં. અને પા.પુ. વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૩-૩૫-૧૨૬૯-આઈ,
નવાં સચિવાલય, ગાંધીનગર.
તા.30-૦૪-૨૦૦૩.

પૂર્વભૂમિકા:-

અ. ત. આ. લિ. પો.-વ.

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત હાલમાં રાજ્યની મોટી નદીઓ ઉપર ઉધોગપતિઓ, માર્કેટયાર્ડો, સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારીથી ચેકડેમો બાંધવામાં આવી રહેલ છે. જેના અંતર્ગત ઓરપેટ, ફીલ્ડ માર્શલ, અંબુજા, સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ વિગેરે દ્વારા કામ હાથ ધરવામાં આવી રહેલ છે. તેઓની રજુઆત પરથી જણાયેલ છે કે, વિભાગની ડીઝાઈન પ્રમાણે થતા ચેકડેમોની કિંમત વધારે આવે છે. અનુભવે જણાયેલ છે કે, આ કારણથી કેટલાક ઔધોગિક ગૃહો, માર્કેટયાર્ડો વગેરે આ કામગીરી માટે આગળ આવતા નથી. આ બાબતે મા. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદમાં તા. ૨૨-૦૪-૨૦૦૩ ના રોજ થયેલ બેઠકમાં આ અંગે ચર્ચા થયેલ આ બેઠકમાં માનનીય મંત્રીશ્રી(નાણાં) પણ ઉપસ્થિત રહેલ.

તા, ૨૪-૦૪-૨૦૦૩ ના રોજ માન. મંત્રીશ્રી (સિંચાઈ) માન. મંત્રીશ્રી (ઉર્જા) તથા માજી મંત્રીશ્રીઓ શ્રી નીતિનભાઈ પટેલ અને શ્રી બાબુભાઈ બોખીરીયાની સમિતિની બેઠકમાં પણ આ બાબત ચર્ચાયેલ અને ઔધોગિક ગૃહો, નામાંકિત સ્વૈચ્છિક સંસ્થાઓ આ કામ માટે પોતાની ડીઝાઈન પ્રમાણે ચેકડેમ બાંધી શકે કે કેમ. તે અંગે વિચારણા થયેલ. બેઠકને અંતે સહમતિ સધાયેલ કે, આવી સંસ્થાએ / એજન્સીઓ પોતાના એન્જીનીયર્સ દ્વારા ચેકડેમના આલેખન અને નકશા તૈયાર કરી શકશે અને આવા આલેખન અને નકશા અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે અને વિભાગે માત્ર અંદાજોની જ ચકાસણી કરી મંજૂરી આપવાની રહેશે. વિભાગની આ યોજનાને સારો પ્રતિસાદ મળે તે હેતુથી નીચેની જોગવાઈઓને અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) રાજ્યની મોટી નદીઓ ઉપર ઉધોગપતિઓ, માર્કેટયાર્ડો, સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા બાંધવામાં આવતા ચેકડેમો માટે આલેખન તથા નકશા બનાવવાની જે તે સંસ્થાઓને છૂટ આપવામાં આવે છે.

(૨) સંસ્થાઓએ આ આલેખન સિવિલ એન્જીનીરીંગમાં ઓછામાં ઓછી સ્નાતક પદવી ધરાવનાર ઈજનેર પાસે કરાવવાની રહેશે અને પ્રમાણિત કરવાની રહેશે. આવી આલેખનની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.વિભાગ માત્ર અંદાજો ચકાસશે.

(૩) સંસ્થાઓ જાતે અંદાજ બનાવવા માંગે તો વિભાગ તેને સ્વીકારશે અને તેને ચકાસ્યા બાદ મંજૂરી આપશે.

(૪) સંસ્થાઓના આલેખન-નકશાના આધારે અંદાજ ન બનાવે તો વિભાગે એસ.ઓ.આર. ના આધારે અંદાજ બનાવી તેની મંજૂરી આપશે.

(૫) ઉપરોક્ત મુદ્દાઓમાં નિર્દિષ્ટ આલેખન તથા અંદાજ પેટે કોઈ વધારાનું ચૂકવણું એજન્સીઓને કરવામાં આવશે નહીં.

(૬) જે સંસ્થાઓ આ રીતે જાતે આલેખન કરવા માંગતી ન હોય તો વિભાગ આ પ્રકારનુ આલેખન અને અંદાજો બનાવીને આપશે. આ બાબતે અગાઉથી સંસ્થાઓએ વિભાગને આ અંદાજો જો સરકારે બનાવવાના હોય તો જણાવવાનું રહેશે. નહીં તો એમ માની લેવામાં આવશે કે આ પ્રકારનું આલેખન અને અંદાજો બનાવીને સરકારને રજૂ કરશે.

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રીના હુકમે અને તેમના નામે,

V. P. Kapadia

(વી. પી. કાપડીયા)
ઉપસચિવ(જળસંચય)
ન.જ.સં અને પા.પુ.વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

નકલ સાદર રવાના પ્રતિ,
-માનનીય મંત્રીશ્રી (સિંચાઈ)
-માનનીય મંત્રીશ્રી(આયોજન, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ)
-માન. માજી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ
-માન. માજી મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા

નકલ રવાના પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સિંચાઈ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ઉર્જા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સં.), ન.જ.સં. અને પા.પુ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ તથા તાબા હેઠળના દરેક કાર્યપાલક ઈજનેરશ્રીને સત્વરે જાણ કરી ઘટતી કાર્યવાહી હાથ ધરવા સારુ.
- ફીલ્ડ માર્શલ ટ્રસ્ટ, રાજકોટ.
- સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ, સુરત.
- આરપટ ચેરીટેબલ ટ્રસ્ટ, મોરબી.
- અંબુજા સીમેન્ટ ફાઉન્ડેશન ટ્રસ્ટ, અંબુજાનગર, કોડીનાર.
- અરવિંદભાઈ મણીયાર ટ્રસ્ટ, રાજકોટ.
- રીલાયન્સ ટ્રસ્ટ,(રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ) જામનગર.
- ટાટા કેમીકલ્સ, મીઠાપુર.
- ઈંડીયન રેયોન, વેરાવળ.
- ગુજરાત હેવી કેમીકલ્સ, સુત્રાપાડા
- ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ ટ્રસ્ટ, ધ્રાંગધ્રા.
- સ્વાદ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ.
- રચના ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ.
- આગાખાન ટ્રસ્ટ, અમદાવાદ.
- આકાશગંગા જલધારા ટ્રસ્ટ, સુરત.
- સ્વામિનારાયણ ટ્રસ્ટ, પીપલાણા.
- વહીવટી સંચાલકશ્રી, ગુજ. નર્મદા-વેલી ફર્ટીલાઈઝર કું. લી. ભરુચ
- ઉપાધ્યક્ષ અને મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, ગુજરાનત મેરી ટાઈમ બોર્ડ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત ખનીજ વિકાસ કોર્પોરેશન લી. અમદાવાદ.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લી.ગાંધીનગર
- અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)

...
...જનાને સારા
...ાનું ઠરાવવામાં આવ...